# પ્રાંતિજમાં નગરપાલિકાના બે કરોડના ખર્ચે તૈયાર કરેલ બગીચો બેહાલ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કરોડો રૂપિયા ખર્ચે તૈયાર થયેલ નગરપાલિકા સંચાલિત બગીચો બેહાલ થયો છે ત્યારે હાલ તો બગીચાની આવી દૂરદશા જોઇને નગરજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.





પ્રાંતિજ નગરના હાર્દ સમાન નગરપાલિકા સંચાલિત શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ખાતે આવેલ બે કરોડના ખર્ચે અદ્યતન બનાવેલ બગીચો હાલ યોગ્ય જાળવી અને સાચવણીના અભાવે બેહાલ થયો છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ બગીચામાં એરંડા આંકડા ઉગી નિકળ્યા છે તો અહીં આવતા નગરજનોમાં બગીચાની આવી દૂરદશા જોઈને રોષ જોવા મલ્યો છે. નગરપાલિકાના મહિલા કોર્પોરેટ અને બગીચા સમિતિના ચેરમેન રબારી મોજીબેનના પતિ લલ્લુભાઇ રબારીએ જણાવ્યુ કે નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા બગીચા પેટે કોઈ સહાઈ ના આપતા હોવાનો આક્ષેપ કર્યો છે અને મશીનરી તથા બગીચામા પોતે પોતાના પૈસા ખર્ચ કરી દવા લાવ્યા હતા. હાલ તો બગીચાની અંદર જાળવણીના અભાવે અંદર આંકડા અને એરંડા તથા મોટું મોટુ ઘાસ થઈ ગયું છે અને બાળકોને રમવા માટેના સાધનો પણ ટુટી ગયા છે અને નીચે પડી ગયા છે, લાઈટો પણ બંધ હાલતમાં છે તો બગીચાનો નકશો જ બદલાઈ ગયો છે અને બેઠક કુટીરના સેડના પતરા તથા ફુવારા પણ ટુટી ગયા છે. બીજી બાજુ અહીં કામ કરતા કર્મચારીઓ પણ જણાવી રહ્યા છે કે અમે ઘાસ કાપવા માટે મશીન માટે ચીફ ઓફિસરને લેખિતમાં જાણકારી છે અને દવા નકામા ઘાસ માટે દવા છાંટવા માટે પણ કર્યુ છે પણ દવા લઈ આપવામા કે ધ્યાને લેવામાં આવતું નથી. બીજી બાજુ બગીચાના કર્મચારીઓ જણાવી રહ્યા છે કે અમારો પણ છેલ્લા ત્રણ મહિનાથી પગાર પણ થયો નથી અને અમારે પણ ઘર કેવી રીતે ચલાવવું તો હાલ તો પ્રાંતિજ નગરપાલિકાના ચીફઓફીસર આકાશ પટેલની હિટલર શાહીને લઈને બે કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ બગીચાનો નકશો જ બદલાઈ ગયો છે અને આંકડા એરંડા ઉગી નિકળતા બે હાલ બન્યો છે.





## તલોદમાં બે કલાકમાં ૪ ઈંચ વરસાદથી પાલિકાના વહિવટના ધજીયા

સાબરકાંઠા જિલ્લાના તલોદનગરમાં શુક્રવાર સમી સાંજે એકાએક ત્રાટકેલા જોરદાર વરસાદી ઝાપટાએ માત્ર ૨ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતા અનેક વિસ્તારો અને રહેણાંક મકાનોમાં પાણી ઘુસ્યા હતા. આ ત્રાટકેલા વરસાદ સાથે મોસમનો કુલ વરસાદ ૪૦ ઈંચ જેટલો નોંધાવા પામ્યો છે. ઘરોમાં ઘુસેલા પાણી લોકોએ આખી રાત ઉલેચ્યા હતા. તાજેતરમાં બનાવેલા રસ્તાઓ પણ તુટી જવા પામ્યા હતા. શુક્રવાર બપોર પછી કાળા વાદળો છવાઈ જવા પામ્યા હતા. ભાદરવાના બફારાથી ત્રાસી ગયેલા લોકોને શરૂઆતમાં ઠંડક અને રાહત પ્રસરી હતી પરંતુ વરસાદી મિજાજનો પારો બદલાતા લોકોના ઘરો પાણીમાં ગરકાવ થતા મોટી પરેશાની પણ ભોગવવી પડી હતી. તળાવો,નાણાં, જાહેર માર્ગો અને ગિચ વિસ્તારો પાણીના ભરાવાથી છલોછલ ભરાઈ જવા પામ્યા હતા. પાલિકા દ્વારા કોઈજ પગલા ન લેવાતા કે બચાવ સમયમાં હોદ્દેદારો જોવા પણ ફરક્યા ન હતા. જેથી લોકોને ચૂંટણી સમયે આપેલા વાયદા અને વચનોને પોકળ જતા તેમના પર રોષ પણ લોકોએ વ્યક્ત કર્યો હતો. તલોદમાં તાજેતરમાં કરોડોના ખર્ચથી બનાવેલી ગટરોના પાણી પણ ઉભરાઈ જતા નિચાણવાળા ભાગો અને તેમના ઘરોમાં ગંદકી અને રોગિષ્ટ વાતાવરણ પણ ફેલાયો હતો. ચોમાસામાં જીવજંતુ અને માંદગીના ખાટલાથી દવા છંટકાવ જેવી અસુવિધાથી આરોગ્ય સાથે ચેડા કરતુ હોય તંત્ર તેમ ચર્ચાઓ પણ સાંભળવા મળી હતી. પાલિકાના બંધ આંખો જેવા વહિવટથી ૨૦૦ એકરમાં છવાયેલુ તલોદ ગામ તળાવ પાણી ભરાવાથી ફાટી જતા આજુબાજુ ૧૦ જેટલા ગામો અને ખેત પેદાશોને મોટુ નુકશાન પણ થવા પામ્યુ હતુ. જ્યારે પશુપાલકોમાં છતાં પાણીએ કફોડી સ્થિતિ ઉભી થઈ હતી. આમ પાલિકાને મોટુ નુકશાન પણ થયુ હતુ.

### ડીસાના ભોપાનગરમાં વીજ કરંટથી કડીયો દાઝ્યો

કોરોના મહામારી વચ્ચે ડીસામાં કડીયાકામ કરતાં યુવકને વીજ કરંટ લાગવાની ઘટના સામે આવી છે. જેને લઈ સ્થાનિકો દ્વારા તાત્કાલિક અસરથી તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે કે આજે સવારના સમયે શહેરના ભોપાનગર વિસ્તારમાં મકાનના બાંધકામ દરમ્યાન હેવી વીજ લાઈનને અડકી જતાં યુવકને કરંટ લાગ્યો હતો. બનાસકાંઠા જીલ્લાના ડીસા શહેરના ભોપાનગર વિસ્તારમાં આજે એક યુવકને કરંટ લાગવાની ઘટના સામે આવી છે. ભોપાનગર વિસ્તારમાં આજે સવારે એક મકાનના બાંધકામમાં આસેડા ગામના સિધ્ધરાજ નાગજીભાઈ ઠાકોર કડીયા કામ કરી રહ્યા હતા. આ દરમ્યાન તેઓ હેવી વીજ લાઈનને અડકી જતાં તેમને કરંટ લાગ્યો હતો. જેને લઈ સ્થાનિકોએ દોડી આવી તાત્કાલિક તેને ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

### ભિલોડા પોલીસ દ્વારા ઈકો કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. કે.કે.રાજપુતના જણાવ્યા મુજબ પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન ટોરડા ગામ તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ શરૂ હતું. ટાકાટુકા ગામમાં ઈકો કાર નંબર.જી.જે. ૧૮.બી.જે. ૨૪૩૦ વાળી કારને ઉભી રખાવી તેના ચાલકનું અને સાથે બેઠેલા ઈસમની તપાસ હાથ ધરતા જીતેન્દ્ર ધનરાજભાઈ ડામોર, રહે. ભોમટાવાડા, તા.ખેરવાડા, જી.ઉદેપુર (રાજસ્થાન), જીતેન્દ્ર સોહનલાલ ખરાડી, રહે.નીલા પાની પાદેડી, તા.વીંછીવાડા, જી.ડુંગરપુર (રાજસ્થાન) વાળાઓએ ઈકો કારની પાછળના ભાગે એક ગુપ્ત ખાનુ બનાવેલ હોઈ તેની અંદર પરપ્રાંતિય પાસપરમીટ વગરની વિદેશી દારૂની છુટી ૮૦ બોટલો મુકેલી હતી. પોલીસએ વિદેશી દારૂની હેરાફેરી સંદર્ભે પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની સક્રીયતા હોઈ બુટલેગરો દારૂની હેરાફેરીમાં અવનવા કિમીયા અજમાવતા હોઈ પરંતુ પોલીસને પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધવામાં સફળતા મળી છે.

# પ્રાંતિજ ખાતે બબ્બે લાયબંબા પણ શોભાના ગાંઠીયા સમાન

**મોટો લાયબંબો નગરપાલિકાના શોપિંગ આગળ રીપેરીંગના અભાવે ધુળ ખાય છે : નાનો લાયબંબો અમદાવાદ કંપનીમાં પડી રહ્યો છે : હિંમતનગર-તલોદથી આગ હોલવવા માટે લાયબંબા બોલાવવામાં આવે છે : કોઇ મોટી જાનહાની થશે તો જવાબદાર કોણ ? : પ્રાંતિજ ચીફ ઓફિસરને પાલિકાના બંધ પડેલ લાયબંબા રીપેરીંગ કરાવવામાં રસ જ નથી**

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકાના પાસે બબ્બે લાયબંબા હોવા છતાં એક પણ લાયબંબો આગ લાગે હાલ કામ આવતો નથી અને હિંમતનગર-તલોદથી લાયબંબા બોલાવવાનો વારો આવે છે. ત્યારે રીપેરીંગના અભાવે હાલ તો શોભાના ગાંઠીયા સમાન છે.



પ્રાંતિજ નગરપાલિકામાં રાજય સરકાર દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચે અદ્યતન એક નહી પણ બબ્બે લાયબંબા આપ્યા છે પણ હાલ તો પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ દ્વારા બન્ને લાયબંબાનું રીપેરીંગ કે મેન્ટેનન્સ ના કરાવતા હાલ તો બન્ને લાયબંબા માત્ર શોભાના ગાંઠીયા સમાન છે અને પ્રાંતિજ સહિત તાલુકામાં આગ લાગવાના પ્રશ્નો બને છે પણ નગરપાલિકા પાસે બબ્બે લાયબંબા રીપેરીંગ કે મેન્ટેનન્સ કરેલ ના હોય શોભાના ગાંઠીયા જેમ માત્ર પડી રહ્યા છે. ત્યારે હાલ તો હિંમતનગર તથા તલોદથી લાયબંબા બોલાવવા પડે છે ત્યારે લાયબંબા બહારથી બોલાવાતા લાંબુ અંતર હોવાથી ઘણીવખત બધુ આગમાં સ્વાહા થઈ ગયા પછી કે અડધું સળગી ગયા પછી આવતા આગમાં લાખોનું નુકસાન થતું હોય છે. ત્યારે પ્રાંતિજ પાલિકાના ચીફઓફીસર આકાશ પટેલ દ્વારા તાત્કાલિક બન્ને લાયબંબા રીપેરીંગ કરવામાં આવે કે એક નવો લાયબંબો ખરીદવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે શું હાલ તો શોભાના ગાંઠીયા સમાન પડેલ બન્ને લાયબંબાનું





રીપેરીંગ કે મેન્ટેનન્સ કરવામાં આવ્યું નથી જેમાં એક લાયબંબો અમદાવાદ ખાતે છેલ્લા કેટલાય સમયથી ધુળ ખાય છે તો બીજો મોટો લાયબંબો પણ પ્રાંતિજ નગરપાલિકાના શોપિંગ આગળ બંધ હાલતમાં પડી રહ્યો છે. ત્યારે પ્રાંતિજ સહિત તાલુકામાં કોઈ આગને લઈને જાનહાની સર્જાશે તો જવાબદાર કોણ રહેશે તે તો હવે જોવું રહ્યું.

# બાયડમાં પતિએ પત્નીની હત્યાની સોપારી આપી

**સોપારી કીલરે જીવલેણ હુમલો કર્યો છતાં પત્નીનો આબાદ બચાવ, બંને સોપારી કિલર જેલ ભેગા કરતી એલસીબી**

બાયડ, તા. ૧૨

ગત શનિવારના રોજ આકરૂન્દ ગામની સીમમાં એક મહિલા ઉપર અજાણ્યા કેટલાક શખ્સોએ જીવલેણ હુમલો કરી દેતાં ચકચાર મચી હતી. તીક્ષ્ણ હથીયારથી મહિલા ઉપર કરાયેલ હુમલા બાદ આ શખ્સે ભાગી છુટયા હતા અને પતિ વિજયગીરીએ આ અંગે જરૂરી જાણ પોલીસને કરતા પંથકમાં ચકચાર મચી હતી.



આ હુમલામાં સંડોવાયેલ પતિ આરોપીઓને જિલ્લા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી હવાલાતે કરી દીધા હતા. આ ચકચારી બનાવમાં પતિએ જ તેની પત્નિને મોતને ઘાટ ઉતારી દેવા રૂ.૨ લાખમાં સોપારી આપી હોવાની હકીક્ત તપાસમાં બહાર આવતા બેવફા પતિ વિરૂધ્ધ ફીટકાર વરસ્યો હતો. જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે પત્નીની સોપારી આપનાર નરાધમ પતિ વિજયગીરી ગોસ્વામી અને વિનોદ યોગત લુહારને ઝડપી પડ્યા બાદ શુક્રવારે પારૂલબેન પર જીવલેણ હુમલો કરનાર અમદાવાદના અનીલ જયરામ ચૌહાણ અને કરણ ઉર્ફે સચીન રાધેશ્યામ કડિયા નામના બંને સોપારી કિલરને અમદાવાદથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર જીલ્લામાં ચકચાર મચાવનાર આકરૂન્દ ગામની સીમમાં મહિલા ઉપર જીવલેણ હુમલાનો ગુનાનો ભેદ એક સપ્તાહમાં ઉકેલી નાખ્યો હતો.

બાયડની મધુરમ ફાર્મમાં રહેતા વિજયગીરી ગોસ્વામી ગત શનીવારે તેમના પત્નિ પારૂલબેનને લઈ વતન આકરૂન્દ ગામે જઈ રહ્યા હતા. દરમ્યાન આકરૂન્દ ગામની સીમ નજીક આ દંપતી પહોંચ્યું હતું. ત્યારે વિજયગીરી બાઈક થંભાવી પેશાબ કરવા રોડ સાઈડે ઉતર્યો હતો. એ દરમ્યાન મોટર સાયકલ લઈ આવી ચડેલ બે અન્ય ઈસમોએ બાઈક પાસે ઉભેલા પારૂલબેન ઉપર તીક્ષ્ણ હથીયારથી હુમલો કરી જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. આ

આ ગુનાની તપાસ જિલ્લા એલસીબીના ઈન્સ્પેકટર આર.કે. પરમારે શરૂ કરી હતી અને આ ચકચારી કેસમાં ફરીયાદીથી જ તપાસ શરૂ કરાતાં અને મળેલ બાતમીના આધારે હાથ ધરાયેલ તપાસમાં પતિ વિજયગીરી ગોસ્વામીએ જ પોતાની પત્નિ પારૂલબેનનું કાસળ કાઢવા આ હુમલો રૂ.૨ લાખની સોંપારી આપી કરાયો હોવાનું જણાઈ આવ્યું હતું. અને પારૂલબેનની હત્યાની સોંપારી બાયડના જ વિનોદભાઈ યોગતભાઈ લુહાર નાઓએ લઈ અન્ય બે ધંધાદારી ગુનેગારોને રોકયા હતા. અનીલ જયરામ ચૌહાણ અને કરણ ઉર્ફે સચીન રાધેશ્યામ કડિયા અમદાવાદના બે ઈસમોએ તીક્ષ્ણ હથીયાર વડે જીવલેણ હુમલો કર્યો હોવાની સનસનીખેજ હકીક્તો બહાર આવતાં સૌ કોઈ ચોંકી ઉઠયા હતા અને બેવફા પતિ સામે પંથકમાં ફીટકાર વરસ્યો હતો. એલસીબી ટીમે આ ચકચારી ગુનામાં પતિ સહીત સોપારી લેનાર અને મહિલા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરનાર બે સોપારી કિલરને ઝડપી પાડી ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

# મોડાસાની નહેરૂ કુમાર પ્રાથમિક શાળામાં તસ્કરો ત્રાટક્યા

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લામાં તસ્કર ટોળકીઓ સક્રીય થઈ છે. જીલ્લામાં બંધ મકાનોમાં ત્રાટકતા ચોર, તસ્કરોનો ડોળો હવે લોકડાઉનમાં સુનીસુની બનેલી શાળાઓમાં ડોરો ઠેરવ્યો હોય તેમ જીલ્લામાં બંધ શૈક્ષણિક સંકુલો અને શાળાઓને નિશાન બનાવી રહ્યા છે. મોડાસા-હિંમતનગર હાઈવે પર આવેલી શ્રી મહાદેવપુરા નહેરૂ કુમાર પ્રાથમિક શાળામાં ત્રાટકી મધ્યાહન ભોજનના રૂમના દરવાજાનું તાળુ તોડી તસ્કરો અંદર ઘૂસ્યા હતા અને બે ગેસના બોટલ, બે સગડા અને કુકરની ચોરી કરી રફુચક્કર થતા શાળાના આચાર્ય વિનુભાઈ રાઠોડે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવવા પગના તળિયા ઘસી નાખ્યા છતાં રૂરલ પોલીસ ધક્કા



ખવડાતી હોવાથી ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા આખરે મોડાસા રૂરલ પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

મોડાસા-હિંમતનગર હાઈવે પર આવેલી શ્રી મહાદેવપુરા નહેરૂ કુમાર પ્રાથમિક શાળામાં તસ્કરો ત્રાટકી મધ્યાહન ભોજનના રૂમનું લોક તોડી અંદરથી વિદ્યાર્થીઓ માટે ભોજન બનાવવા વપરાતા ગેસના બે સિલિન્ડર, બે સગડી અને ૧ કુકર મળી કુલ રૂ.૪૭૦૦ ના માલસામાનની ચોરી કરી ગયા હતા. શાળાએ પહોંચેલા આચાર્ય વિનુભાઈ રાઠોડે મધ્યાહન ભોજન રૂમનું તાળું તૂટેલું જોતા મધ્યાહન ભોજન ઓર્ગેનાઈઝર રેણુકાબેન સગરને તાત્કાલિક શાળાએ બોલાવ્યા હતા અને અંદર તપાસ કરતાં રસોડામાં રહેલા ગેસ સિલિન્ડર, સગડી અને કૂકરની ચોરી થયાનું જણાતા આ અંગે મોડાસા રૂરલ પોલીસને લેખીત જાણ કરી ફરિયાદ નોંધવા રજુઆત કરી હતી તેમ છતાં રૂરલ પોલીસે ફરિયાદ નોંધવા માટે ધરમધક્કા ખવડાવી રહી હોવાથી ઉચ્ચકક્ષાએ રજુઆત કરતા મોડાસા રૂરલ પોલીસે ફરિયાદ નોંધી હોવાનું આક્રોશપુર્વક જણાવ્યું હતું.

## ધરોઈ ડેમમાં હજુ પાણીની આવક યથાવત

મહેસાણા, તા. ૧૨

ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે ધરોઈ ડેમમાં પાણીની આવક થવા પામી છે. આથી ઉપરવાસમાં પડી રહેલા વરસાદના કારણે પાણીની આવકને લઈને ડેમના ૩ દરવાજા ખોલી ખોલી દેવાયા હતા. ડેમમાં હાલ પાણીનો જથ્થો ૯૮.૪૫ ટકા છે. ડેમની સપાટી હાલમાં ૬૨૧.૬૧ ફૂટ સપાટી નોંધાઈ છે. ડેમની ભયજનક સપાટી ૬૨૨ ફૂટ છે. પાણીની આવકને જોતા ખેડૂતોને આવનારા સમયમાં પિયતનું પાણી મળી રહેશે. હાલમાં ધરોઈ ડેમમાં ૧૧૦૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાવા પામી છે. ડેમમાંથી આઉટ ફલો ૧૩૮૦૦ ક્યુસેક છે.

# મોડાસા જિલ્લા ન્યાયાલય પાસે સીએનજી કાર સળગી

મોડાસા-શામળાજી રોડ પર જિલ્લા ન્યાયાલય પાસેથી પસાર થઈ રહેલી સીએનજી કારમાં અગમ્ય કારણોસર આગ લાગતા ધ બર્નિંગ કાર જેવા દશ્યો સર્જાયા હતા. કારમાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી. જેની જાણ કારચાલકને થતાં કાર ન્યાયાલય પાસે રોડ સાઈડ ઉભી રાખી સમય સુચકતા વાપરી કારમાંથી બહાર નીકળી ગયા હતા. ત્યારબાદ કારમાં ધીમેધીમે આગે રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. જેની જાણ મોડાસા ફાયરબ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ ફાયર ફાઈટર સાથે તાબડતોબ પહોંચી કારમાં લાગેલી આગ પર કાબુ મેળવવા ફાયર ફાઈટરે પાણીનો મારો ચલાવ્યો હતો. તે પહેલા કારનો મોટા ભાગનો હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનાને પગલે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો.



# પોશીનામાં બે અને વિજયનગરમાં એક ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ભાદરવો તપી રહ્યો છે ત્યારે શુક્રવારે બપોર બાદ અચાનક વાતાવરણમાં આવેલા પલ્ટાથી જિલ્લાના પોશીના અને વિજયનગર પંથકમાં ફરીથી મેઘરાજાએ પધરામણી કરીને નદીનાળાઓ છલકાવી દીધા છે. શુક્રવારે બપોરે બે થી ચાર દરમિયાન પોશીના પંથકમાં લગભગ બે ઈંચ અને વિજયનગર તથા આસપાસના વિસ્તારોમાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યાના અહેવાલ સાંપડ્યા છે.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે બપોર બાદ તપી રહેલા ભાદરવા દરમિયાન અચાનક પલટાયેલા વાતાવરણથી આકાશમાં વાદળો ચઢી આવ્યા હતા. જોકે તેના કારણે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી સહિતના અન્ય સ્થળે બાફ અને ઉકળાટનું પ્રમાણ અસહ્ય બની જતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. જોકે પોશીના પંથકમાં હવામાન વિભાગની આગાહી મુજબ ચઢી આવેલા વાદળો બાદ લગભગ ૪૮ મી.મી. થી વધુ વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

તે ઉપરાંત વિજયનગર અને આસપાસના વિસ્તારોમાં પણ પલટાયેલા વાતાવરણ બાદ લગભગ ૨૨ મી.મી.થી વધુ વરસાદ પડ્યો હતો. બપોરે બે થી ચારના ગાળામાં પડેલા વરસાદને લીધે બંને તાલુકાઓમાં આવેલા નદીનાળા અને તળાવોમાં નવા નીરની આવક શરૂ થઈ હતી. દરમિયાન હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા. ૧૪ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન અરબી સમુદ્રમાં ઉદભવેલા લોપ્રેસરને કારણે ઉત્તર ગુજરાતમાં હળવાથી ભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ત્યારે ખેડૂત વર્ગ તેની રાહ જોઈ રહ્યો છે. જોકે મગફળી, કપાસ અને મકાઈ પકવતા ખેડૂતો માટે હવે પછી થનારા વરસાદથી ફાયદા કરતા નુકશાન વધુ થવાની શકયતા દર્શાવાઈ રહી છે.

# અરવલ્લીના કલાકારો અને સાઉન્ડ (ડીજે)ના સંચાલકોની રોજગારી માટે છુટછાટ આપવાની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર

કોરોના વાયરસની મહામારીને નાથવા કેન્દ્ર સરકારે જાહેર કરેલા લોકડાઉનથી અનેક ધંધાર્થીઓની હાલત દાયનીય બની છે જેમાં કલાકરો અને સાઉન્ડ સંચાલક તેમજ ડીજે સંચાલકોની હાલત કફોડી બની છે. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલાકારો અને ડીજેના વ્યવસાય સાથે જોડાયેલ લોકોએ તેમના વ્યવસાયને સરકારી ગાઈડલાઈન અનુસાર મંજૂરી આપવામાં આવેની માંગ સાથે અધિક જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે લોક ડાઉનથી કલા જગતના તમામ કલાકારોની રોજગારી પર માઠી અસર પડી છે. કલાકારો રોજગારી વિના મુંઝવણમાં મુકાયા છે, જિલ્લાના મોટા ભાગના સંચાલકોની પોગ્રામ પર નિર્ભર હોવાથી



પરિવારનું ગુજરાન ચલાવવા હવે કોઈ વિકલ્પ દેખાતો નથી, અનલોક-૪ માં સરકારની નવી ગાઈડલાઈન સાથે અનેક ધંધા રોજગારને મંજૂરી આપી ધમધમતા કરી દીધા છે, અમો સૌ કલાકરો અને સાઉન્ડ સિસ્ટમના સંચાલકોને ધાર્મિક, સામાજિક, સરકારી સહિતના કાર્યક્રમોમાં ભાગ લઈ રોજગારી મેળવી શકીએ એ માટે સરકારની ગાઈડલાઈન મુજબ મંજૂરી આપવા રજૂઆત કરી હતી.